અપીલ અરજી નં.૩ તા.૪–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી મોહમદ શફી હુસેનભાઈ તૈબાણી

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહમદ શફી હુસેનભાઈ તૈબાણીની તા.૧૮–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૭૩૯ ની મિલ્કતના પ્લાન સહિતની મંજુરી સેન્ટ્રલ ઝોન નં.૧૮૭ તા.૩૦–૧૦–૦૪ થી મંજુરી આપવામાં આવેલ છે જેના રીપોર્ટની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે દરેક પેપરની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૪–'૦૯ ની અપીલ અરજી નં.૩/૨૦૦૯–૧૦

શ્રી મોહમદ શફી હુસેનભાઈ તૈબાણીની તા.૧૮–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૭૩૯ ની મિલ્કતના પ્લાન સહિતની મંજુરી સેન્ટ્રલ ઝોન નં.૧૮૭ તા.૩૦–૧૦–૦૪ થી મંજુરી આપવામાં આવેલ છે જેના રીપોર્ટની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે દરેક પેપરની નકલની માહિતી આપવા બાબતે માહિતી મળેલ નથી,માહિતી અધૂરી છે તથા સંપૂર્ણ માહિતી મળી નથી એવી તેમજ ટુ કોપી ઉપર સેકશન ઓફિસરના સહી સીકકા ઓથેન્ટીક ન ગણાય તેવા કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦ તા.૧૭–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને તથા અરજદારને અધૂરી માહિતી અંગે આધાર અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અપીલ પશ્ચાત તા.૧૭–૪–૦૯ સંદર્ભે અરજદાર તરફથી પણ કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ અરજદારે અરજી સાથે મૂળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજ ફી ના રૂ.૧૧૦૪/– ભરવા જણાવી તા.૩–૩–૦૯ ના પત્રની નકલ તેમજ અરજદારે તા.૪–૩ –૦૯ ના રોજ નાણાં ભર્યાની રસીદ નં.૩૬૩૭૯૫ ની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૭૩૯ ની મિલ્કતના પ્લાન સહિતની મંજુરી સેન્ટ્રલ ઝોન નં.૧૮૭ તા.૩૦–૧૦–૦૪ થી મંજુરી આપવામાં આવેલ છે. તેના દરેક રીપોર્ટ તથા માલિકો ધ્વારા પ્લાન સહિતની મંજુરી મેળવવા બાબતે અરજી સાથે રજૂ કરેલ પેપરો તેમજ ખાતા ધ્વારા પ્લાન સહિતની મંજુરી, પ્લાનની નકલની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૦૧ તા.૩–૩–૦૯ થી નકશાના રૂ.૧૦૦૦/– તથા રજાચિઠ્ઠીના રૂ.૪/– તથા પાના દીઠ રૂ.૨/– લેખે રૂ.૧૦૦/– મળી કુલ્લે રૂ.૧૧૦૪ ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલ ઝોનમાં રસીદ નં.૩૬૩૭૯૫ તા.૪–૩–૦૯ થી સદર રકમ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. પરંતુ અપીલ અરજીમાં માહિતી અધૂરી અને ઓથોરાઈઝ સહી સિકકાવાળી માહિતી નથી તથા રજાચિઠ્ઠીની પૂરી વિગત અને નમુના 'ઘ' મુજબની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતીની નકલો પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ નકલો સાથે આરટીઆઈ નિયમ–૪ અન્વયે ઠરાવેલ પત્ર સહિત માહિતી આપેલ જણાતી નથી જેથી અરજદારને તે મુજબના પત્રથી દિન–૭ માં પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. અરજદાર ખોટી માહિતી અંગે આધાર રજુ કરવામાં નિષ્ફળ રહેલ છે છતાં કાયદાના હાર્દ અને જોગવાઈને અનુલક્ષી ઈચ્છુક હોય તો આપેલ માહિતી સબંધે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કચેરીના કામકાજના સમય દરમ્યાન લાગત દફતરનું તથા ટુ કોપી કરી આપનાર સેકશન ઓફિસરને તેમ કરવા અધિકૃત હોવા બાબતની જોગવાઈ જણાવતાં કાગળનું નિરીક્ષણ કરી શકે છે. અરજદારની તે મુજબની માંગણી થયે અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. આ પ્રકારના દફતર નિરીક્ષણ માટે લાગુ કિસ્સામાં અરજદારે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ – ૦૯

ડે.**કમિશનર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મોહમદ શફી હુસેનભાઈ તૈબાણી, ૧૨/૨૭૪૯, આગાનો વડ, સૈયદપુરા, પારસી અગિયારીની સામે, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.